સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત
વર્ગ તથા લઘુમતીઓ અને આર્થીક પછાત
વર્ગના લોકોને આવકના પ્રમાણપત્રો
આપવા બાબત.....

ગુજરાત સરકાર.
સમાજ કલ્યાણ વિભાગ.
ઠરાવ ક્રમાંક : સશપ/૧૪૯૮/૧૧૩૧/અ.
સચિવાલય, ગાંધીનગર.
તારીખ :– ૧૭/૧૧/૧૯૯૮.

<u>વંચાણે લીધા :–</u>

(૧) મજુર સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનો તા. ૨૬/૩/૧૯૭૯ નો ઠરાવ ક્રમાંક : બીસીઆર/૧૦૭૮/૧૪૫૧૩(૭૯)/હ.

(૨) મજુર સમાજ કલ્યાણ અને આદિ જાતિ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક : બીસીઆર/૧૦૮૦/ડાયરી/૩૨૧/હ. તા. ૫/૩/૧૯૮૦.

<u>ઠરાવ :–</u>

સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના તથા આર્થીક પછાત વર્ગોને આવકના પ્રમાણપત્રો આપવા માટે ઉપર ઉલ્લેખાયેલ હુકમોથી નીચે દર્શાવેલ અધિકારીઓને અધિકૃત કરવામાં આવે છે.

૧. કલેક્ટર
૨. જિલ્લા વિકાસ અધિકારી
૩. મદદનીશ કલેક્ટર / નાયબ કલેક્ટર
૪. નાયબ જિલ્લા વિકાસ અધિકારી
૫. મામલતદાર
૬. તાલુકા વિકાસ અધિકારી
૭. મહાલકારી

૮. ૮. જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી

૯. નાયબ મામલતદાર વગેરે...

૨/- સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના તથા આર્થીક પછાત વર્ગના ગ્રામ્ય વિસ્તારના લોકોને તાલુકા મથકે આવકના દાખલા ( પ્રમાણપત્રો) મેળવવામાં વધુ સરળતા રહે તે હેતુથી નીચે જણાવેલ વધુ અધિકારીઓ / કર્મચારીઓને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ , લઘુમતીઓ તથા આર્થીક પછાત વર્ગના લોકોને આવકના દાખલા આપવા માટે આથી અધિકૃત કરવામાં આવે છે.

૧. મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી (વિજા) વોર્ડન / અધિક્ષક
૨. નાયબ તાલુકા વિકાસ અધિકારી
૩. વિસ્તરણ અધિકારી ( પંચાયત )

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( એન.એલ.ભટ્ટ )

નાયબ સચિવ

સમાજ કલ્યાણ વિભાગ.

પ્રતિ,

માનં. મંત્રીશ્રી (સા.શૈ.પ.વ.) ના અંગત સચિવશ્રી
બધા કલેકટરશ્રીઓ / જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ ,
નાયબ મદદનીશ તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ ,
સર્વે સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ/ નિરીક્ષકશ્રીઓ (વિજા)
સચિવાલયના સર્વે વિભાગો
નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ ખાતુ, ગુજરાત રાજ્ય , ગાંધીનગર
તેમના હસ્તકના સબંધિત અધિકારી/ કર્મચારીઓને જાણ કરવાની વિનંતીસહ.

સચિવાલયના વિભાગો હેઠળના બધા ખાતાના વડાઓ કચેરીના વડાઓ

પગાર અને હિસાબી અધિકારી ,અમદાવાદ / ગાંધીનગર

એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/ રાજકોટ

નિવાસી ઓડીટ અધિકારીશ્રી, અમદાવાદ/ ગાંધીનગર

એમ.ડી ગુજરાત પછાતવર્ગ વિકાસ નિગમ, ગાંધીનગર

રજીસ્ટ્રારશ્રી ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ

સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર

સચિવશ્રી, ગુજરાત તકેદારી પંચ ,અમદાવાદ

સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ

સચિવશ્રી ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ

સચિવશ્રી, ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર

બધી સુધરાઈઓ

સીલેક્ટ ફાઈલ-શાખા